ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

પાંસઠમું પ્રજાસત્તાક પર્વ

લાહોરમાં રાવી તટે સન ૧૯૨૯માં મળેલ રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં પંડિત જવાહરલાલ નહેરુની આગેવાનીમાં મુકમ્મલ આઝાદી-સંપૂર્ણ સ્વતંત્રતાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી તે દિવસે જાન્યુઆરીની છવ્વીસમી તારીખ હતી. કોંગ્રેસની એ આરપારની લડાઈ આખરે આઝાદીમાં પરિણમી અને પંદરમી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે અંગ્રેજી શાસન સમાપ્ત થયું. પરંતુ પ્રજાને સંપૂર્ણ લોકશાહી તો એને સમર્પિત થયેલ બંધારણ થકી જ મળી ગણાય. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની અધ્યક્ષતામાં અને બંધારણની ડ્રાફિટંગ કમિટીના ચેરમેન ડૉ. બાબાસાહેબ આંબેડકરની નિશ્રામાં આ ઐતિહાસિક કાર્ય ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના શુભ દિવસે સંપન્ન થયું. તે ઐતિહાસિક દિવસ ભારતનો પ્રજાસત્તાક દિવસ (રિપબ્લિક ડે) ગણાયો. પ્રજા જ સર્વસત્તાધીશ બની. એને મતાધિકાર મળ્યો જે દ્વારા એ મનગમતા પ્રતિનિધિને ચૂંટીને ધારાસભા કે લોકસભામાં મોકલાવી શકે. એને વાણી સ્વાતંત્ર્યનો- અભિવ્યક્તિનો મૂળભૂત અધિકાર મળ્યો. અને અન્ય મૂળભૂત અધિકારો પ્રાપ્ત થયા જેથી એ હકપૂર્વક આ દેશમાં મિલકત વસાવી શકે, મનગમતો ધર્મ પાળી શકે, ચૂંટણી લડીને દેશનું નેતૃત્વ કરી શકે. પ્રજાસત્તાક ભારત આજે પાંસઠ વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આ લોકશાહી રાષ્ટ્રમાં લિંગ, જાતિ કે ધર્મસંપ્રદાયના ભેદભાવ રહ્યા નથી. સમયસર દર પાંચ વર્ષે રાજય વિધાનસભા તેમજ દેશની લોકસભાની ચૂંટણીઓ યોજાય છે. સંસદીય લોકશાહી પદ્ધતિનો સ્વીકાર કરેલ હોઈ ચૂંટાયેલા સાંસદો વડાપ્રધાન પસંદ કરે છે. વડાપ્રધાન એમના મંત્રીમંડળની રચના કરે છે... આ બધું પ્રમાણમાં સમુંસૂતરું ચાલતું રહ્યું છે. અપવાદરૂપે ઈંદિરા ગાંધીના શાસનકાળ દરમિયાન લદાયેલી કટોકટીના સમય પૂરતા કેટલાક મૂળભૂત અધિકારો પર તરાપ જરૂર આવી હતી, પરંતુ દેશની પ્રજાને લાંબો સમય ગૂંગળાવી શકાય એમ નહોતી. ચૂંટણી થતાંની સાથે ઈન્દિરા ગાંધી જેવા પ્રચંડ શક્તિશાળી નેતાનાં મૂળિયાં ઊખડી ગયાં હતાં. પ્રજાની આ તાકાતનો પરચો અન્ય નેતાઓને પણ મળતો રહ્યો છે. ગ્રાન્ડ ઍલાયંસ કરીને કોંગ્રેસને સત્તા બહાર કરી દેનાર નેતાઓની અંદરોઅંદરની હૂંસાતૂંસીમાં એ પૂરાં પાંચ વર્ષ પણ સત્તા પર નહોતા રહી શક્યા! એ પછીની ચૂંટણીમાં એમનાં પત્તાં સાફ થઈ ગયાં હતાં. પ્રજાશક્તિ સામે રાજશક્તિ હરહંમેશ હારતી આવી છે. તાજેતરની દિલ્હી સ્ટેટની ચૂંટણી એનું નેત્રદીપક ઉદાહરણ છે. બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષો વચ્ચે લડાઈમાં ત્રીજું આમ આદમી પાર્ટીનું પ્રજાકીય પરિબળ ઊપસી આવ્યું તે આપણી લોકશાહીની બલિહારી છે. રીઝે ત્યારે પ્રજા સત્તા પર બેસાડી પણ શકે છે અને બગડી બેસે ત્યારે કાનપટ્ટી પકડીને ઉતારી પણ દઈ શકે છે. રાષ્ટ્રકવિ રામધારીસિંહ દિનકરની પ્રસિદ્ધ કવિતાની પંક્તિ દરેક નેતાએ ગાંઠે બાંધી રાખવા જેવી છે:

'સિંહાસન ખાલી કરો કિ અબ જનતા આતી હૈ!'

ભારતની સાથે જ આઝાદ થયેલા પાડોશી રાષ્ટ્ર પાકિસ્તાનમાં કે હિમાલયની પેલે પાર વસેલા ચીનમાં પ્રજાની સત્તા બહુ ચાલી શકી નથી. પાકિસ્તાનમાં સત્તા મુઠ્ઠીભર માલેતુજારોના કબજામાં રહી છે. ત્યાં પ્રજા કરતાં સેના વધારે પાવરફુલ છે. એટલે સેનાની મરજી વિરુદ્ધ વર્તનારી લોકપ્રિય સરકાર પણ ઘડીના છઠ્ઠા ભાગમાં ઊઠી જાય છે. ચીનમાં એક પક્ષીય સામ્યવાદી શાસન છે. રશિયામાં સામ્યવાદ નિષ્ફળ ગયો છે. નેપાળમાં રાજાશાહી નાબૂદ થઈ છે. આપણે જેણે આઝાદ કરાવવામાં સિંહફાળો આપેલો તેવા બાંગ્લાદેશમાં ખોડંગાતી હાલતમાં પણ લોકશાહી ટકી શકી છે. તાજેતરમાં ત્યાં બાગ્લાદેશના રાષ્ટ્રપિતા શેખ મુજીબ-ઉર-રહેમાનનાં સુપુત્રી શેખ હસીના લાગલગાટ ત્રીજીવાર વડાપ્રધાન બન્યાં છે.

આજે વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ ભારત છે. પરંતુ વિશ્વ શ્રેષ્ઠ લોકશાહી સાબિત થતાં કદાચ એને ઘણી લાંબી મજલ કાપવી પડશે. ચાલો, આજે રાષ્ટ્રના પાંસઠમા પ્રજાસત્તાક પર્વે એ લક્ષ્યાંક આંબવા માટે નવેસરથી પ્રતિજ્ઞા લઈએ. ૨૦૧૪નું પ્રજાપર્વ હાથવેંતમાં છે અને દેશની પ્રજાએ એક યોગ્ય નિર્ણય લેવાનો છે. સંક્રાન્તિકાળના આ સમયે જો નાની અમથી ભૂલ થઈ ગઈ તો સત્તા પ્રજાના હાથમાંથી છટકીને કોઈ સત્તાપિપાસુ ખોટા હાથોમાં પહોંચી જતાં વાર નહીં લાગે, તે સમજી લેવાની જરૂર છે.

સર્વતોભદ્ર સાક્ષરની વિદાય

ગુજરાતી ભાષાને એનો આગવો વિશ્વકોશ ઉપલબ્ધ કરાવનારા પ્રગલ્ભ સારસ્વત અને વિદ્વાન આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકરે આયુષ્યના છન્નુમા વર્ષે છેલ્લા શ્વાસ લીધા ત્યારે એમનો આત્મા પરમ વિશ્રાંતિ અનુભવતો હશે. વિશ્વકોશનું જંગી કામ હાથ ધર્યું ત્યારે એમને કલ્પના પણ નહીં હોય કે પોતાની હયાતીમાં જ એનાં પચીસ કરતાં વધુ વૉલ્યુમ પ્રકાશિત થશે. આ કાર્ય એમણે વીસનગરના વતની અને ઉત્તર ગુજરાતના ગાંધી ગણાતા સ્વ. સાંકળચંદ કાળીદાસ પટેલની પ્રેરણા અને હૂંફથી આરંભ્યું હતું અને નિયતિએ સોંપેલા પવિત્ર જીવનકાર્ય તરીકે એને નિષ્ઠાપૂર્વક અંત સુધી સક્રિય પણે આગળ ધપાવતા રહ્યા હતા. ધીરુભાઈ ઠાકરનો જન્મ તા. ૨૭ જૂન, ૧૯૧૮ના દિવસે વીરમગામ ખાતે થયો હતો. ગુજરાત કૉલેજ, અમદાવાદ ખાતે તેમજ મુંબઈમાં અધ્યાપનકાર્ય કર્યા પછી છેલ્લે તેઓ સાબરકાંઠા (હાલ અરવલ્લી) જિલ્લાના મોડાસાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય તરીકે નિવૃત્ત થયા હતા. એક ઉત્તમ અધ્યાપક, સાહિત્ય મીમાંસક, નાટયલેખક, સંપાદક અને અનુવાદક તરીકે એમને અનેક માન-અકરામ તથા પારિતોષિકો પ્રાપ્ત થયાં હતાં. સાહિત્ય અકાદમીના ફેલોનું ગૌરવ પ્રાપ્ત કરનાર આ સાક્ષરને ગુજરાત સાહિત્ય અકાદમીના સાહિત્ય ગૌરવ પુરસ્કાર ઉપરાંત રણજિતરામ સુવર્ણચંદ્રક પણ એનાયત થયેલ છે. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' એમની કલમે આલેખાયેલો ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ છે. વિવેચનક્ષેત્રે એમણે મણિલાલ નભુભાઈની સાહિત્ય સાધના, પ્રતિભાવ, વિભાવિતમ્, નાટયકળા, શબ્દ અને સંસ્કૃતિ જેવા ગ્રંથો આપ્યા છે. એમણે 'કરુણ પ્રશસ્તિ કાવ્યો' અને નર્મદની આત્મકથા 'મારી હકીકત' ઉપરાંત મણિલાલ નભુભાઈ દ્વિવેદી સાહિત્ય શ્રેણી ભાગ-૧થી ૮નું સંપાદન કરેલ છે.

ધીરુભાઈએ 'સ્મરણ માધુરી' નામે ચરિત્ર ગ્રંથ અને 'સફર માધુરી' નામે પ્રવાસ ગ્રંથ ઉપરાંત વિદેશી કૃતિઓના શ્રેષ્ઠ અનુવાદો આપ્યા છે. પરંતુ એમની શબ્દયાત્રાની કલગી તો ગિનેસ બુકમાં સ્થાન પામી શકે એ બરનો ગુજરાતી ભાષાનો 'વિશ્વકોશ' જ ગણાશે. જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ધીરુભાઈના અવસાનથી ગુજરાતી ભાષા સાહિત્ય ક્ષેત્રે ભીષ્મપિતામહ જેવા વ્યક્તિત્વની ખોટ પડી છે. સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે સેવાઓ આપનાર ધીરુભાઈએ ગુજરાતી સાહિત્યના ઉત્તમ અધ્યાપકોની આખી એક નક્ષત્રમાળા ગુજરાતના ચરણે ધરી છે. ડૉ. પ્રવીણ દરજી, ડૉ. મણિલાલ હ. પટેલ, પ્રો. પ્રગજી ભામ્મીથી લઈ ડૉ. કિશોરસિંહ સોલંકી સુધીના વિદ્વાન સર્જકો-વિવેચકોએ ધીરુભાઈએ મા ગૂર્જરીને ચરણે ધરેલી અણમોલ ભેટ છે.

ધીરુભાઈ ઠાકરનાં અધુરાં સ્વપ્ન સાકાર કરવા માટે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના નેતૃત્વ હેઠળ વિદ્વાન સંપાદકોની આખી એક ફોજ કૃતસંકલ્પ છે ત્યારે એમની પૂર્ણ વયે થયેલ વિદાયનો શોક ન જ કરાય. એમને સાચી અંજલી તો ગુજરાત અને ગુજરાતીની અસ્મિતા જાળવવા માટે સતત સભાન રહીને આપણી ભાષા અને સાહિત્યને સદા સમૃદ્ધ કરતા રહેવાથી જ આપી ગણાશે.

વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ સહિત ગાંધીનગર નિવાસી તમામ સર્જકોએ વિદાય થયેલ મૂઠી ઊંચેરા સારસ્વતને ભાવભીની અંજલી આપી હતી.

હરિની દૃષ્ટિ...

આઝાદીના રાષ્ટ્રગીત તમે જેમ આજે પણ ગાન કરો છો તેમ, અમે આજે પણ આ દિવસે કહીએ છીએ, તમારી ગરીબી, ભ્રષ્ટાચાર, વિજળી વગેરે અમે દૂર કરવા અમારી પાર્ટી જ સક્ષમ છે.

જય હો... જય હો...નાદ સાથે નવમો સ્પોર્ટસ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ રાંધેજા ખાતે નવમો સ્પોર્ટસ ડે ઉજવવામાં આવ્યો હતો. સ્પોર્ટસ ડે જય હો.. જય હો..ના નાદ સાથે મનાવવામાં આવ્યો હતો.

રાંધેજા ખાતે આવેલી જી.આઈ.પી.એસ. સ્કુલ ખાતે આજ સે સ્પોર્ટસ કરેગે...કરેગે... સુંદર સ્વાસ્થ્ય પ્રાપ્ત કરેગે...કરેગે... સૂત્ર સાથે નવમો સ્પોર્ટસ ડે શાળાના પટાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. સ્પોર્ટસ ડેનો શુભારંભ શાંતિના દૂત સફેદ કબૂતરોનું વિહંગાવલોકન કરાવી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોચ શશી મોહન ધુમલ, શાળાના ટ્રસ્ટી, આચાર્ય અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ગોલ્ડ મેડલ અને સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

હીરામણિ શૈક્ષણિક સંકુલ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

હીરામણિ શૈક્ષણિક સંકુલ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણીનો પ્રારંભ વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરદહસ્તે ધ્વજવંદન સંપન્ન કરાવીને કરાશે. શૈક્ષણિક સંકુલના સંસ્થાપક ગુજરાતના પૂર્વ ઉપમુખ્યમંત્રી નરહરિ અમીન, સુશ્રી નીતાબહેન અમીન તથા સંકુલના નિયામક અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. ચંદ્રકાન્ત મહેતાની ઉપસ્થિતિમાં યોજાનાર આ રાષ્ટ્રીય ઉત્સવમાં ડૉ. કેશુભાઈ દેસાઈ 'પાંસઠમે પ્રજાસત્તાક' વિષય પર મનનીય વ્યાખ્યાન આપશે અને સંકુલની પ્રવૃત્તિઓનું તથા સંકુલ સ્થિત વૃદ્ધાશ્રમનું નિરીક્ષણ કરશે.

રાજયના જાંબાઝ જવાનોને ચંદ્રક એનાયત કરાશે

દેશમાં ૬૫માં પ્રજાસત્તાક દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજયમાં ફરજ બજાવતા હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ દળ અને ગ્રામરક્ષક દળના અધિકારીઓને તેમની પ્રશંસનીય સેવા બદલ મહામહીમ રાજયપાલ અને મુખ્યમંત્રી ચંદ્રક એનાયત કરશે.

રાજયના જાંબાઝ જવાનોને તેમની પ્રશંસનીય કામગીરી માટે મુખ્યમંત્રી અને રાજયપાલ દ્વારા ચંદ્રકો એનાયત કરવામાં આવશે. જેમાં રાજયપાલ શ્રીનો એક મેડલ અને મુખ્યમંત્રીશ્રીના ૪૨ મેડલ એનાયત કરવામાં આવશે. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં સિનિયર પ્લાટુન કમાન્ડર પ્લાટુન તરીકે ફરજ બજાવતા પ્રદિપસિંહ સોઢાને ચંદ્રક એનાયત કરવામાં આવશે. જેથી જિલ્લામાં હોમગાર્ડસ અને જવાનોમાં ખુશીનું વાતાવરણ ફેલાઈ જવા પામ્યું છે.

નિર્મળ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં વિદ્યાર્થીઓ દ્વારા ઢોલ-નગારા સાથે સ્વચ્છતા જાગૃતિને લગતા પ્લે કાર્ડસ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. રેલી સમગ્ર સેકટર-૩૦માં ફેરવવામાં આવી હતી. રેલીમાં શાળા પરિવાર અને મહાનગર પાલિકાના ચૌધરી સાહેબ જોડાયા હતા.

દેશભકિત ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

બાશ્રી વસંતકુંવરબા વિદ્યાલય સેકટર-૨૮ ખાતે જયોતિ મહિલા મંડળ દ્વારા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે દેશભકિત ગીતોની સ્પર્ધા યોજવામાં આવી હતી.

દેશ ૬૫મો પ્રજાસત્તાક પર્વ મનાવી રહ્યું છે ત્યારે શહેરની જયોતિ મહિલા મંડળ દ્વારા સે-૨૮ સ્થિત બાશ્રી વસંતકુંવરબા વિદ્યાલય ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે દેશભકિત ગીતો ગાવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, સુધીરભાઈ દેસાઈ, મમતાબેન રાવલ ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આઈ.ક્યુ. ટેસ્ટ માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

સેકટર-૨૩ સ્થિત આર.પી.પટેલ સ્કૂલ ખાતે 'શૈક્ષણિક પરિવર્તનોના પડકારને ઝીલવા માનસિક રીતે સજ્જ' સેમિનાર યોજવામાં આવ્યો હતો. ચંદ્રકાન્ત હિડોચા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને મૌલિકતાથી આગળ વધવા ગોખણપટ્ટી મુક્ત શિક્ષણની હિમાયત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા ૫૦૦ વિદ્યાર્થીઓને આઈ.ક્યુ. અને એલ.ક્યુ. ટેસ્ટનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રવિણભાઈ પટેલ અને સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

ગણતંત્ર અને વી ધ પીપલ... 'ઉમ્મીદોવાલી કલ, સચ્ચાઈવાલી આશા...'

'વી ધ પીપલ' યાની કી હમલોગ યાની કે અમે ભારતવાસી આજે ફરીથી ઉજવવા જઈ રહ્યા છીએ ૨૬મી જાન્યુઆરી મતલબ કે અમારા પ્યારા ભારતનો ગણતંત્ર દિવસ. આજે ફરી આકાશ તિરંગાથી ઢંકાઈ જશે. હિન્દુસ્તાનની હવાઓમાં દેશભક્તિ અને દેશપ્રેમની રાષ્ટ્રીય ખુશ્બુ ફેલાઈ જશે. આજે બડી શાન, બાન અને આનથી તિરંગાને સલામી અપાશે. બહાદુર સૈનિકોનું સન્માન થશે. હિન્દુસ્તાનની શસ્ત્રશક્તિનું પ્રદર્શન થશે. પરેડ થશે... આજથી ૬૫ વર્ષ પહેલા સને ૧૯૫૦ના આ જ દિવસથી અમારા પોતાના માટે, અમારાથી જ સર્જાયેલું કે ઘડાયેલું બંધારણ અમે અમલમાં મુકેલુ. ખબર છે.. ખબર છે કે ઘણાં ટાંપીને જ બેઠા છે એવું કહેવા કે ગણતંત્રનો સાચો અર્થ અમે હજુ સુધી સમજી નથી શક્યા. ગીધના ટોળા મંડરાઈ એમ આજે ઘણા બધા ગણતંત્રના નામે અમારી નકારાત્મકતાની ઉજવણી કરવામાં મશગુલ રહેશે. અમે યાની કે વી ધ પીપલ કેટલા પાંગળા, નબળા કે કસુરવાર છીએ એના ગુણગાન કરવામાંથી ચા નહિ આવે. એક સ્વતંત્ર દેશની હવાને કલેજામાં ભરીને આ લોકો અમે કેટલા પરતંત્ર છીએ એવું ગાઈ વગાડીને કહેતા જોવા મળશે અને દર વખતે આવા તાયફાઓ જોવા મળે પણ છે અને સહન કરતા પણ આવીએ છીએ. ચાલો લગે હાથ આજના ગણતંત્ર દિવસની ઉજવણીમાં તિરંગાને સલામી આપવાની સાથે સાથે તમને પણ બતાવી દઈએ તમારી સોચનો સાચો આયનો... તો વાચો અમારો જવાબ એજ એ 'વી ધ પીપલ'

સો વોટ...? જો કોઈ એમ માનતું હોય કે અમે જરાપણ બદલાયા નથી તો એમને ધીરે ધીરે પણ મક્કમતાથી જવાબ તો મળતો જ જાય છે. અમે સાવ બોદા કે જડ નાગરિકો છીએ એવું કોઈનું માનવું હોઈ શકે પણ... સાવ એવું પણ નથી જ. સિક્કાની બે બાજુ જેવી વાત છે. અમને ખબર છે કે આ દિવસથી અમે સંપૂર્ણ લોકતંત્ર બન્યા. અમારા પોતાના ગણતંત્રને ચલાવવાનું, સુધારવાનું કે આગળ લઈ જાવાનું અમારું દાયિત્વ બન્યું. અમે આ દાયિત્વ નિભાવવાની કોશિશ કરી રહ્યા છીએ... કરતા રહ્યા છીએ અને કરતા રહેશું. અત્યાર સુધી કોઈ બદલે એની રાહ જોતા અમે હવે ધીરે ધીરે બદલાવનું સુકાન અમારા હાથમાં લેતા થયા છીએ. નાની નાની કે અતિ ગંભીર વાતો કે મુદ્દાઓ પર હાથ પર હાથ જોડી ને બેસી રહેવાને બદલે અમે ક્યાંક ને ક્યાંક કોઈકને એક્શન લેવા મજબુર કરતા થયા છીએ.

હા, એ ખરું કે હજુ અમારામાં 'દેશ પહેલા, અમે પછી' એવી ભાવના જોઈ એવી વિકસી નથી. હજુ પણ અમે દેશ કરતા અમારા સ્વાર્થ ને થોડો આગળ મૂકી દઈએ છીએ. હજુ પણ અમને દેશપ્રેમ બોલવું ગમે છે પણ એ પ્રેમ ને અમલમાં મુકવામાં ક્યારેક ક્યારેક અને ક્યાંક ક્યાંક ઢીલા પડીએ છીએ. કબુલ કરીએ છીએ કે અમે દેશપ્રેમની બાબતમાં બહુ આક્રમક નથી પણ અમે બદલી રહ્યા છીએ. અમે હવે દેશને લગતી બાબતોમાં રસ લેતા થયા છીએ એ નથી દેખાતું? પહેલા ઘરમાં કે ધંધામાં જ રચ્યા પચ્યા રહેતા અમે હવે આયેદિન દેશ માટે સડકો પર ઉતરતા અચકાતા નથી. યાદ છે ને ગાંધીજીના સત્યાગ્રહનો જમાનો? લોકો બધું છોડીને નીકળી પડતા હતા અંગ્રેજો સામે મોરચો ખોલવા. કબુલ કે અમે હજુ એ તીવ્રતા કે એટલી સંખ્યામાં કદાચ નથી નીકળી શકતા પણ ચોક્કસપણે અમે આવા આગેવાનો, મુવમેન્ટ કે બનાવો ને પ્રાધાન્ય આપતા થયા છીએ... એમાં ભાગ લેતા થયા છીએ. બેશક આ કદાચ તમને અમારા ગણતંત્રના કોર્ષની બહાર નું લાગે પણ આ એક બદલાવ છે. અમે બદલાઈ ગયા છીએ..૧૯૫૦ પછીથી અમારી ત્રણેક પેઢીઓ બદલાઈ ગઈ છે તો ગણતંત્રનો અર્થ અને સ્વરૂપ પણ બદલાવું જોઈએ કે નહિ?

અને હેલ્લો.. તમને નહિ દેખાય યા તો તમે જોવા નહિ માગતા હો પણ અમારા આ સુધારાના આ પ્રયત્નોથી દેશમાં વધુ ને વધુ લોકો ને કૈક તો દીશાસીચન થઈ રહ્યું છે. ક્યાંક, કોઈકના દિલોદિમાગમાં કોઈ નવી આશા, કોઈ નવી લહેર કે કોઈ નવી સોચ વિકસી રહી છે અને સાવ સુક્કું અને જડ રહેવા કરતા બદલાવનું એક તો એક પણ પાન તો ઉગે છે અને એ અમારે મન હરિયાળીથી કમ નથી. કેમકે એ એક એક પાનથી જ એક દિવસ લીલ્લુછમ ઝાડ બનશે અને એ જ ઝાડોથી હરિયાળું જંગલ!! અમારા પર આરોપ છે કે અમે સુધારાવાદી નથી, અમે સુધારો કરવા ઈચ્છીએ તો છીએ પણ એના ભાગીદાર બનવા નથી માંગતા. અમે સુધારાની પ્રક્રિયાના ભાગ બનવા નથી માંગતા. અમે કોઈ આગળ આવે અને અમારે માટે કઈક કરે એની રાહ જોતા બેસી રહીએ છીએ. થોડું થોડું હજુ પણ એવું તો ખરું જ. પણ તમને જંતર મંતર કે રાજપથ પર એકઠી થતી જનતા દેખાતી નથી, તમને એ ભીડ લાગે છે.. ટોળા લાગે છે અને જયારે એ જ ભીડ કોઈ સુધારા માટે એક દબાવ બનાવે છે, એક અવાજ ઉઠાવે છે ત્યારે તમારી કલમો કે શબ્દો એને ટેમ્પરરી ગણીને હસી કાઢે છે. પણ તમે જોઈ લીધું ને કે એ ભીડે કઈક તો બદલાવ લાવ્યો જ છે. અને તમને નહિ ગમે પણ અમારા માટે ખુશીની વાત એ છે કે આવા જંતર મંતર કે રાજપથ હવે દેશના મોટાભાગના રાજયોના શહેરોમાં બનતા જાય છે. હવે પાછા એને કોઈ રાજકીય આંખે નાં જોશો પ્લીઝ કારણ કે એ અમે જ છીએ 'વી ધ પીપલ.' બદલાવ છે ને કદાચ નરી આખે જોવો પડે એવો છે પણ બદલાવ છે તો છે જ. ચાલો એ જ વાત પર એક ડાયલોગ અમારા તરફથી... બુંદ બુંદ મિલ કે સમન્દર બનેગા!!! આ નાની નાની બુંદો પડવાનું શરુ થયું છે બનશે એક દિવસ સમંદર પણ બનશે.. અમને વિશ્વાસ છે.

આજે ૬૦-૬૫ વર્ષો દરમ્યાન ધીરે ધીરે અને ચોક્કસપણે અમે ગણતંત્રનો અર્થ શોધવાની કોશિશ કરી રહ્યા છીએ. ક્યારેક અમે ઉત્સાહમાં આવી જઈએ છીએ અને કોઈ બદલાવની આગેવાની ને આંધળો ટેકો આપી દઈએ છીએ પણ જયારે એ આગેવાની બદલાવ ને બદલે ખુદ બદલી જાય છે તો અમને દુખ તો થાય જ છે. વી હર્ટ એ લોટ યુ નો... પણ અમે એનો પણ માર્ગ શોધી કાઢીશું જ. તમને ભલે નાં હોય પણ અમને વિશ્વાસ છે અમારા યુવાન લોહી પર. ઓ યસ.. તમે અમને વૈચારિક બુઢ્ઢાં ભલે ને ગણતા હો પણ અમે ખરેખર દિવસે દિવસે યુવાન થતા જઈએ છીએ. તમને નથી દેખાતું પણ અમારી સાચી તાકાત જ યુવાનો છે અને ફોર યોર કાઈન્ડ ઈન્ફો અત્યાર સુધીના સમયમાં હાલના તબક્કે અમારી પાસે સૌથી વધુ યુવાન છે. વી ધ પીપલ ની સેના યુવાનોથી ભરી પડેલી છે. આખી દુનિયા એ એક વાતમાં સમ્મત છે કે આ દેશનું ભવિષ્ય હવે યુવાનોના હાથમાં છે. તમને દીવાલો પર પિચકારી મારતા, ડ્રગ્ઝ નો ડોઝ લેતા, શિક્ષણના નામે ફંદા કરતા કે કોઈ દિશા વગર ટાઈમપાસ કરતા યુવાનો જ દેખાય છે પણ એમાં વાંક તમારી વક્ર દ્રષ્ટિનો છે. કારણ કે તમને ગણતંત્રના પાયામાં રહેલા રાજકારણ, સમાજ જીવન કે ઈવન આર્થિક ક્ષેત્રે પ્રગતી કે કઈક નવું કરતા કે કશુક આગવું કરવા મથતા યુવાનો નથી દેખાતા. લુટ, ચોરી કે વ્યભિચાર જેવા મામલાઓમાં 'દેશ નું યુવાધન અવળા રસ્તે' એવું લખી નાખવું કે બોલી નાખવું સહેલું છે અને અમુક અંશે અમને માન્ય પણ છે પરંતુ આ નકારત્મક સોચથી ઉપર ઉઠીને બદલાવ લાવતા કે બદલાવને સમર્થન આપતા યુવાનોની ફોજ કે એમની પહેલ વિષે પણ ક્યારેક બે શબ્દો બોલો કે લખો તો ચોક્કસ એમને પણ બળ મળે. કોઈ પણ દેશના બદલાવ કે ખરી ગણતંત્રતા હમેશા યુવાનોને આભરી જ હોય છે. અમે અમારી બુદ્ધિથી, કૌશલ્યોથી કે આર્થિક વિકાસથી આખી દુનિયાને એ માનવા મજબુર કરી રહ્યા છીએ કે અમે બદલાઈ રહ્યા છીએ. એક સાર્વભૌમ- ગણતાંત્રિક રાષ્ટ્રને અમારી રીતે ઉપર ઉઠાવવામાં અમે અમારો ફાળો આપતા રહીએ છીએ. એક સમયે દેશની બહાર જતું રહેતું યુવાધન હવે ફરીથી દેશમાં ઠરીઠામ થઈને દેશના સર્વાંગ વિકાસમાં પોતાનું યોગદાન આપતું થયું છે.

ગણતંત્ર એટલે શું? કેવી રીતે મળ્યું? આવી બધી વાતોની અમને ખબર છે. હા એ ખરું કે ગણતંત્રનું મહત્વ સમજતા અમને વાર લાગી રહી છે. પણ એનું કારણ એ પણ છે કે અમે અત્યાર સુધી દોરવણીના દાવમાં સપડાયા હતા. હા જી હા નો આલાપ અમને કર્ણપ્રિય લાગતો હતો. દોરવાવું અને પછી પસ્તાવું એ અમારી જિંદગીનો એક અહમ ક્રમ હતો. પણ એ હતો તમે વારંવાર અમને યાદ કરાવો છો એવું અત્યારે નથી કદાચ સાવ નથી તો પણ ઘણું ઓછું તો છે જ. હવે અમે દોરવાઈ છીએ ખરા પણ એ દોરવણીમાં અમે અમારા હક્ક અને દેશને થનારા લાભનો વિચાર કરીએ છીએ. આંખ મીંચીને આંધળો વિશ્વાસ મુકતા હતા એ જમાના ગયા. સાવ ગયા એવું નથી પણ અમુક અંશે ગયા તો છે જ. હવે અમે ગણતંત્રને અમારા લાભમાં વાપરતા અથવા તો એવી રીતે બદલવા સજ્જ છીએ. યસ ચપટી વગાડતા થઈ જાય એવું નાનું સુનું કામ તો નથી જ પણ આ થઈ રહ્યું છે. શરત છે કે તમે અમારી સકારત્મક બાજુ તરફ નજર રાખો.

વગેરે..વગેરે..

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીની ઉજવણીમાં દેખાતી ભીડ કે લોકો હવે સ્વયંભુ થતા જાય છે. એક વખતે સરકારી લોકોથી ઉભરાતું ઉજવણી સ્થળ પર અમારી હાજરી નોંધપાત્ર રીતે વધતી જાય છે. કારણ કે અમને ખબર છે કે હવે દોર અમારે જ હાથમાં લેવાનો છે ઈનફેક્ટ લેવાનું શરુ કરી જ દીધેલું છે. અમને ખબર છે કે ૨૬મી જાન્યુઆરી એટલે ઓર એક રજા કે એક વધુ હોલીડે એવી માનસિકતા અમારે બદલવી પડશે પણ અમને વિશ્વાસ છે કે એ પણ બદલાશે કારણ કે અમે કઈક બદલાવ જંખી રહ્યા છીએ. હા... તમારી વાત સાચી કે અમે સુસ્ત છીએ... અમારે શું? એવી માનસિકતા ના શિકાર છીએ.. પણ તો શું થયું? ૧૯૫૦ થી લઈ ને અત્યાર સુધી માં ઘણું બદલાયું છે અને માઈન્ડ ઈટ કે એ અમે જ બદલેલું છે... કોઈના સાથ વગર... સહકાર વગર...!! યસ નેતાઓના પણ સાથ વગર. ઈનફેક્ટ એક સમયે નેતાઓની આગળ પાછળ દુમ હલાવી ને રખડતા રહેતા અમે આજે નેતાઓ ને અમારી મહતા શું છે એ થોડા ઘણે અંશે સમજાવી શક્યા છી